મને ઉભો કર્યો... તેમણે આપેલું પીણું મેં પીધું... મને ખબર ના પડી કે શા માટે તેમને ભેટતાં જ હું ધ્રુસકે ને ધ્રુસકે રડી પડ્યો... મારી આંખોમાંથી આંસુ વહી રહ્યાં... ”*

જયારે અમૃતા શ્રી અરવિન્દને બીજીવાર મળવા ગયા ત્યારે તેઓ જેમ ભાંગીતૂટી અંગ્રેજીમાં બિજોય સાથે વાત કરતા તેવી રીતે શ્રી અરવિન્દ સાથે વાત કરવાનું સાહસ કર્યું. ભારે હિંમત એકઠી કરીને તેઓ માત્ર આટલું બોલ્યા “હું દરરોજ તમારાં દર્શન માટે આવવા માગુ છું.” શ્રી અરવિન્દે તેમની વિનંતી માન્ય રાખી અને દરરોજ સાંજે પાંચ વાગે આવવા માટે જણાવ્યું. બીજા દિવસથી જ અમૃતાએ સાંજે પાંચ વાગે નિશાળથી સીધા શ્રી અરવિન્દના ઘરે જવાનું શરૂ કર્યું.

૧૯૧૪માં અમૃતાએ શ્રીમાતાજીનાં દર્શન કર્યા. તે સમયે શ્રી માતાજી ૩, ડુપ્લેક્સ સ્ટ્રીટમાં રહેતાં હતાં. શ્રીમાતાજી કામમાં એટલા વ્યસ્ત રહેતાં કે તેઓ કોઈને પૂર્વનિર્ધારિત સમય સિવાય મળતાં નહિ... “હું જયારે પણ તેઓની નીકટ ગયો ત્યારે મેં અનુભવ્યું કે શ્રી માતાજી અમાપ શક્તિરૂપ હતા, જો કે તેઓ શક્તિને ક્યારેય પ્રદર્શિત થવા દેતાં નહિ અને તેને પોતાની જાતમાં જ ધારણ કરી રાખતાં... ”*

૧૫ ઓગસ્ટ ૧૯૧૪ માં ‘આર્ય’ નો પ્રથમ અંક પ્રગટ થયો. ‘આર્ય’ના પ્રકાશન પૂર્વે જ ‘આર્ય’ વિશે ઘણી બધી વાતો થવા લાગી હતી, પ્રખ્યાત કવિ સુ. ભરતી ‘આર્ય’ વિશે, તેના તત્ત્વદર્શન વિશે ખૂબ ઉત્સાહપૂર્વક વાત કરતા. જે ‘આર્ય’ નું મુખ્ય હાર્દ હતું.

૧૯૧૯માં અભ્યાસ પૂરો કર્યા પછી અમૃતા શ્રી અરવિન્દ સાથે જોડાઈ ગયા, અને શરીરના અંત સુધી શ્રીમાતાજીની અને આશ્રમની સેવા કરી, શ્રી અરવિન્દ આશ્રમના એકમાત્ર મેનેજર તરીકે.

*સંસ્મરણો — અમૃતા

‘જન્મ શતાબ્દી પ્રકાશન’ માંથી સંપાદિત.

©SRI AUROBINDO ASHRAM TRUST, PONDICHERRY.
FROM: SRI AUROBINDO KENDRA,
MATRUBHAVAN 87, SWASTIK SOCIETY, AHMEDABAD-9
https://themothersprosperity.org

Prosperity

શ્રી માતાજીની

સિદ્ધિ-રિદ્ધિ

2026

OCTOBER

૧ ઑક્ટોબર, ૨૦૨૬

## HUMAN ASPIRATION
## માનવની અભીપ્સા

परायातीनामन्वेति पाथ आयतीनां प्रथमा शश्वतीनाम् ।
व्युच्छन्ती जीवमुदीरयन्त्युषा मृतं कं चन बोधयन्ती ॥
कियात्या यत्समया भवाति या व्यूषुर्याश्च नूनं व्युच्छान् ।
अनु पूर्वाः कृपते वावशाना प्रदीध्याना जोषमन्याभिरेति ॥

ऋग्वेद I. II3. 8, 10

અતીતમાં લીન થતી ઉષાઓના ધ્યેયને આજની ઉષા અનુસરે છે; અને ભાવિમાં ઊગનારી શાશ્વત ઉષાઓના ક્રમમાં આજની ઉષા પ્રથમ છે. જે જીવન્ત છે તેને તે પ્રગટ કરે છે અને જે મૃત હતું તેને પુનર્જાગ્રત કરે છે. ભૂતમાં પ્રગટેલી અને ભાવિમાં પ્રગટ થનારી ઉષાઓ વચ્ચે જયારે આજની ઉષા સંવાદ સ્થાપન કરે છે, ત્યારે તેની કાર્યાસીમાં કોણ નક્કી કરી શકે ? આજની ઉષા પ્રાચીન ઉષાઓની જ્યોતિ માટે ઝંખે છે અને તેમની જ્યોતિની સાર્થકતા પ્રાપ્ત કરાવે છે; અને પોતાની જ્યોતિનાં કિરણોને આગળ ફેંકીને ભાવિમાં થનારી ઉષાઓ સાથે તે સંબંધ સાધે છે.

ઋગ્વેદ ૧.૧૧૩.૮,૧૦

## AMRITA

**Aravamudachari Iyengar**, i.e. Amrita was born on 19th Sept. 1895 into a Brahmin family, in village near Pondicherry, heard the name of Sri Aurobindo with famous trinity of freedom struggle: Lal, Bal, Pal. But strongly enough his heart and soul were caught by only one name, **Sri Aurobindo**. His intense wish to have Sri Aurobindo’s Darshan was fulfilled on 15th Aug.1913. Amrita managed to remain present on the occasion with the help of Ramaswami Iyenger, who had been living then in Sri Aurobindo’s house. He preferred to see Sri Aurobindo with inmates. As soon as he was called in… “Going around Sri Aurobindo by way of PRADAKSHINA I stood in his presence with joined palms and made my obeisance to him.

Sri Aurobindo's eyes, it seemed burned brighter than the lamp-light, as he looked at me in a trice all gloom vanished from within me, and his image was as it were installed in the *sanctum Sanctorum* of my being. … A sweet was given me once again. I felt within that he had accepted me…"* Sri Aurobindo shifted to Francois Martin Street in December 1913. "One day It was 12.00 or 12.15 noon Bojoykanta took me upstairs, it was for first time that I went upstairs. All the doors of all the rooms were open… Everywhere and on everything there fell an all revealing light, nothing but light… My heart too, soared up in sheer delight! Sri Aurobindo was about twenty feet away, turned his eyes upon me… I do not know, what I remember is that a lamp was lit everywhere in me. My being unknowingly swam, as it were, in a sea of silence, it fell prostrate at the lotus-feet of the Master. …lay there body, life and mind all together a single block. Sri Aurobindo touched me with flower like hands and make me standup. I drank the drink he gave me… I do not know why I burst into sobs as I clasped him. Tears streamed down from my eyes."*

He endeavoured to speak in English with Sri Aurobindo as he used to do with Bejoy, when he saw Sri Aurobindo second time. With an herculean effort he could just say: "I want come daily see you!" Sri Aurobindo complied with that request. Sri Aurobindo asked him to come after five in the evening. From the very next day Amrita began going straight from school at 5 PM to Sri Aurobindo's house to see him.

In 1914 Amrita had the Darshan of the Mother. At that time the Mother lived in 3, Dupleix street. The Mother had so much work to attend that she met people only at appointed time. "An image of immeasurable Power that is how I felt the Mother to be whenever I approached her. She however hold that power in herself without allowing the least display of it…."*

On August 15, 1914 'Arya' was published. Before the publication it was widely talked about. Poet Bharti was instrumental in spreading the vision and philosophy of Sri Aurobindo which was the main content of 'Arya'.

After completing his studies in 1919, Amrita joined Sri Aurobindo and served the Mother and the Ashram till his body's end in 1969, as a manager of the Ashram.

*Reminiscences

**– Edited from 'AMRITA'**
**BIRTH CENTENARY**

## અમૃતા

અરવામુદાચારી આયંગર, આપણા અમૃતાનો જન્મ પોંડિચેરીથી નજીકના એક ગામમાં તા. ૧૯મી સપ્ટે. ૧૮૯૫ના રોજ બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. અમૃતાએ બાળપણમાં આઝાદીની ચળવળની પ્રખ્યાત ત્રિપુટી લાલ, બાલ, પાલ સાથે શ્રી અરવિન્દનું નામ સાંભળ્યું હતું, પરંતુ આશ્ચર્યજનક રીતે બાળક અમૃતાનાં હૃદય અને આત્મા 'શ્રી અરવિન્દ' નામથી ભારે આકર્ષિત થયાં. શ્રી અરવિન્દનાં દર્શન કરવાની અમૃતાની તીવ્ર ઇચ્છા ૧૫મી ઓગસ્ટ, ૧૯૧૩ ના દિવસે પૂર્ણ થઈ. શ્રી અરવિન્દની સાથે રહેતા રામસ્વામી આયંગરની મદદથી અમૃતાએ તે પ્રસંગે હાજર રહેવાની વ્યવસ્થા ગોઠવી દીધી હતી. બધા આમંત્રિતોની વિદાય પછી શ્રી અરવિન્દની સાથે રહેતા તેમના સાથીઓ સાથે શ્રી અરવિન્દનાં દર્શન કરવાની ઇચ્છા અમૃતાએ વ્યક્ત કરી હતી. અમૃતાનો વારો આવ્યો ત્યારે… "શ્રી અરવિન્દની ચારે તરફ ફરી તેમની પ્રદક્ષિણા કરી અને તેમને સાષ્ટાંગ પ્રણામ કર્યા. શ્રી અરવિન્દનાં નેત્રો ત્યાં લગાવેલા ફાનસ કરતાં પણ વધુ દીપ્તિમંત દેખાતાં હતાં, જેવો તેમણે મારા ઉપર દૃષ્ટિપાત કર્યો કે તુર્તજ મારામાંથી બધા ક્ષોભ દૂર થઈ ગયા, અને જાણે કે મારા હૃદયની અંતરતમ ગુહામાં તેમની મૂર્તિ જડાઈ ગઈ. મને વધુ એકવાર મીઠાઈ આપવામાં આવી, મને અંતરમાં ખાત્રી થઈ ગઈ કે તેમણે મારો સ્વીકાર કરી લીધો હતો. … "*

શ્રી અરવિન્દ ડિસેમ્બર, ૧૯૧૩માં ફ્રાન્સ્વા માર્તે સ્ટ્રીટમાં, નવા મોટા મકાનમાં રહેવા ગયા. એક દિવસ બિજોયકાન્ત મને ઉપર લઈ ગયા "ત્યારે ૧૨ કે સવાબાર વાગ્યા હશે. તે દિવસે હું પહેલી વાર ઉપર ગયો. બધા જ ખંડોનાં બધાં જ બારણાં ખૂલ્લાં હતાં. સૌને અજવાળતો પ્રકાશ સર્વત્ર ફેલાઈ રહ્યો હતો. …મારું હૃદય પણ જાણે ખુશીથી ઉડી રહ્યું હતું! અમારાથી શ્રી અરવિન્દ લગભગ ૨૦ પગલાં દૂર હતા. મારા તરફ તેમણે દૃષ્ટિ ફેરવી… મને કાંઈ સુધ-બુધ ન રહી. મને જાણે એટલીજ પ્રતીતિ થઈ કે મારી અંદર સર્વત્ર એક દિવો પ્રજ્જવલી રહ્યો હતો. મારો આત્મા અજાણપણે જાણેકે શાંતિના સમુદ્રમાં તરી રહ્યો હતો… તે પરમ ગુરુનાં ચરણકમળમાં ઢળી પડ્યો… દેહ, પ્રાણ, મન સર્વ જાણે એકાકાર બની તેમનાં ચરણોમાં ઢળી પડ્યાં! શ્રી અરવિન્દે તેમના ફૂલ જેવા હાથ વડે મને સ્પર્શ કર્યો અને